શોધન ફાઉન્ડેશન દ્વારા

સમાજના જરૂરીયાતમંદ બાળકો માટે રંગોત્સવ

ગાંધીનગર, તા. ૨૩

સમાજ કલ્યાણ માટે નિઃસ્વાર્થ ભાવે કાર્ય કરતી સંસ્થા શોધન ફાઉન્ડેશન દ્વારા હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે સમાજના જરૂરીયાતમંદ બાળકો માટે સેક્ટર-૩ શોપીંગ સેન્ટર પાસે ધૂળેટીના પર્વ નિમિત્તે રંગોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભકાર્યમાં વૈદિક પરિવાર-ગાંધીનગર, રોટરી ક્લબ ઓફ કેપિટલ-ગાંધીનગર, શ્રી જલિયાણ સેવા ગ્રુપ પણ સહયોગી સંસ્થા તરીકે જોડાયું હતું.

આ કાર્યક્રમમાં શોધન ફાઉન્ડેશનના પ્રમુખ પ્રશાંતભાઈ ત્રિવેદીએ પોતાની આગવી શૈલીમાં રંગો અને રંગોના મહત્વ વિશે બાળકોને રમૂજપૂર્ણ પ્રશ્નોતરી થકી હોળી - ધૂળેટી પર્વનું મહત્વ સમજાવેલ. જીવનમાં કોઈ એકાદ રંગ ઓછો હોય તો પણ પ્રસન્નતા સાથે અન્ય રંગોથી જીવનને જીવવાનો સુંદર સંદેશ બાળકોને આપેલ. ગાંધીનગરના અગ્રણી સમાજ સેવક વિનોદભાઈ ઉદેચાએ પણ બાળકોને રંગોનું મહત્વ અને મેઘધનુષના સાતેય રંગોની માફક જીવનમાં પણ દરેક અંગોનું આગવું મહત્વ છે તેમ સરળ શૈલીમાં સમજાવ્યું હતું. બાળકોની જરુરીયાત સમાન આધાર કાર્ડ સહિત અનેક સરકારી લાભોથી વંચિત બાળકોને પણ તે સુવિધા લેવા સમજાવી તેમાં મદદ કરવાની ખાત્રી આપી હતી. વૈદિક પરિવારના મહેન્દ્રભાઈ ગાંધીએ બાળકોને હોળી - ધૂળેટીના પર્વની સુંદર સમજ આપીને આ પર્વને ભાઈચારાથી ઉજવવા અને એક-મેકને મદદરુપ થવા જણાવ્યું હતું અને પ્રસંગોચિત સુદંર વક્તવ્ય પણ આપ્યું હતું.

સંસ્થા દ્વારા બાળકોને ધાણી, ખજૂર, ચોકલેટ તેમજ ગુલાલ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો અને બાળકો સાથે ધૂળેટીનું પર્વ ઉજવવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ફિઓના ફર્નાન્ડિસ (મંત્રી - શોધન ફાઉન્ડેશન), શ્રી જલિયાણ સેવા ગ્રુપના અમીત હાલાણી, સંજયભાઈ ખખ્ખર, હિરેન જસાણી (એસ.જે. ફાર્માસ્યુટીકલ્સ), ગમનભાઈ પટેલ (વૈદિક પરિવાર), રોટરી ક્લબ ઓફ કેપિટલ ગાંધીનગરનાં જયશ્રીબેન ખેતિયા, અગ્રણી સમાજ સેવક દિનેશભાઈ પટેલ તેમજ નિરુબેન પટેલ, ભાવના ઠક્કર, પાર્થ ઠક્કર, ચિ. આર્યાના ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી જય ભીમ વિવિધલક્ષી ટ્રસ્ટ - ગાંધીનગરનાં હસુમતીબેન તેમજ સંસ્થાના અન્ય કાર્યકરોએ પણ કાર્યક્રમને સફળ બનાવવા સુંદર સહયોગ આપ્યો હતો.

જન્મદિને વધામણી

કશ્વી સંદિપકુમાર જોષી
મો. ૯૪૨૬૫ ૦૪૫૫૨

પ્રણવ ડી રાજ
મો. ૯૫૫૮૬ ૫૩૮૦૬

પ્રકાશભાઈ કુમુદચંદ્ર ઠાકર
મો. ૯૪૨૭૦ ૨૮૧૮૮

નીના ગણેશન
આસી. પ્રોફેસર, અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ

શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે

જીવન ઘડતર કારકિર્દી વિષયક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાયમરી સ્કૂલમાં વિદ્યાર્થી જીવન ઘડતર અને કારકિર્દી ઓરિએન્ટેડ સેમિનાર યોજવામાં આવ્યો હતો. સંસ્થાના બ્રહ્માણીકૃપા હૉલ ખાતે યોજવામાં આવેલા આ સેમિનારના મુખ્ય વક્તા તરીકે જે સી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં અને અભ્યાસમાં કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી શકાય તે અંગે વિશદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે આજના ભાગદોડભર્યા જમાનામાં વ્યક્તિ પોતાના આદર્શો અને સંસ્કારો વડે જ ઉચ્ચતમ લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકે છે. ધીરજ, ખંત અને ઉત્સાહથી સતત પ્રયત્નો કરવાથી જ વિદ્યાર્થીઓ એક ચોક્કસ મુકામ હાંસલ કરી શકે છે.

કાર્યક્રમનું સંચાલન શિક્ષક પ્રકાશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ધોરણ-૮ના વિદ્યાર્થીઓ દ્વારા સમૂહ નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા વાર્તા-કાવ્ય-નાટકનું પઠન અને વિવેચન

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા યોજાતા સાહિત્યિક કાર્યક્રમોમાં કાર્યક્રમ 'વાર્તાવાચિકમ, કાવ્યપઠન અને નાટક (એકાંકી) પઠન તથા તે અન્વયે વિચાર-વિમર્શ અને વિવેચન' અંતર્ગત એક કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. પ્રારંભે મુળજીભાઈ પરમાર દ્વારા આવકારવિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. મોહનભાઈ પરમારે લેખક જેસિંગભાઈ જાદવ (ધોળકા) અને જાણીતા મૂર્ધન્ય દલિત સાહિત્યકાર દલપત ચૌહાણની ઓળખનાં ઓજસ પાથર્યાં હતાં.

જેસિંગભાઈ જાદવે વાર્તાપઠનમાં તેમની વાર્તાઓ વાઢ અને ખરચ રજૂ કરી હતી. દલપત ચૌહાણે પોતાનાં બે ગીતો તથા વાર્તા 'દરબાર' ઉપરથી તેમણે તૈયાર કરેલા નાટક 'દોસદાર'નું વાચન કર્યું હતું. પ્રા. યશવંત વાઘેલાએ એકાંકી વિશેની અભ્યાસપૂર્ણ માહિતી રજૂ કરી ઉપસ્થિત સૌ લેખકોને એકાંકી નાટ્ય લખવા માટે પ્રેરિત કર્યા હતા.

પ્રમુખ ડૉ. મોહન પરમારે સંસ્થાનો આગામી અંક 'નાટ્યગ્રંથ - નિસબત : ૨૦૧૯' તરીકે પ્રકાશિત કરવાની જાહેરાત કરી. રજૂ થયેલી કૃતિઓ અન્વયે સાહિત્યકાર ડૉ. મોહન પરમાર, પ્રા. યશવંત વાઘેલા, મુળજીભાઈ પરમાર, રામભાઈ સોલંકી, ડૉ. ભીખુ વેગડા, મગનભાઈ મકવાણા, મહેબૂબ અ સૈયદ, પ્રવીણભાઈ શ્રીમાળી તથા હરગોવિંદ બી મકવાણાએ વિચાર-વિમર્શ કરી તે અંગેની સમીક્ષા અને વિવેચન કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ડૉ. ભીખુ વેગડાએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયને ભારતીય વિદ્યાભવન નેશનલ એવોર્ડ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ એકંદર પરફોર્મન્સ બદલ ઇન્ડિયન સોસાયટી ઓફ ટેકનિકલ એજ્યુકેશન દ્વારા ભારતીય વિદ્યાભવન નેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સંસ્થા વતી પ્રિન્સિપાલ ડૉ. ઇન્દ્રજિત એન પટેલે ભારતીય વિદ્યાભવન નેશનલ એવોર્ડ પ્રૉ. પ્રતાપસિંહ કે દેસાઈ, ડૉ. મહાપાત્રા, વિવિધ કોલેજના પ્રિન્સિપાલ તથા અધ્યાપકો અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં સ્વીકાર્યો હતો.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિ. દ્વારા ડીએલએસએસ ખાતે પોષણજાગૃતિ

ગાંધીનગર, તા. ૨૩

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા પોષણ પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ન્યુટ્રીશનીસ્ટ નિમિષા નેહલ શાહ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન ડીએલએસએસ, જે એમ ચૌધરી સાર્વજનિક સ્કૂલ, સેક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું હતું.

પોષણયુક્ત આહાર, એનિમિયા મુક્ત જીવન, સ્વચ્છ અને તંદુરસ્ત જીવનશૈલી જેવા વિષયો પર વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ૩૮૨ વિદ્યાર્થિનીઓ અને ૪૦ જેટલાં શિક્ષકોએ આ કાર્યક્રમનો લાભ ઉઠાવ્યો હતો.

રાયસણના ગુડા આવાસમાં રંગોનો ઉત્સવ

રાયસણ ખાતે ગુડા તૈયાર કરવામાં આવેલા આવાસ ખાતે ધુળેટી નિમિત્તે આબાલવૃદ્ધ સૌએ મન મૂકીને રંગોની મોજ માણી હતી. એમાંય ખાસ કરીને બાળકોએ તો અવનવા રંગોથી રંગાઈને પોતાની ઓળખ જ બદલી નાખી હતી અને ત્યારબાદ મોજથી આ તસવીર આપી હતી.

અર્થિંગ ગૃપ દ્વારા ૨૭મી માર્ચથી સમર વર્કશૉપનો પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા. ૨૩

આમ તો, વર્લ્ડ થિયેટર ડે નિમિત્તે નાટક કે શોની ભજવણી તો ઘણી બધી જગ્યાએ થાય છે, પણ અર્થિંગ ગૃપ થિયેટર સ્કુલ અંતર્ગત સમર વર્કશોપનું આયોજન કરવા જઈ રહ્યું છે.

આ સમર થિયેટર સ્કૂલમાં ૧૨ વર્ષથી મોટી ઉંમર ના બધા જ ભાગ લઈ શકશે અને નાટકના બધા જ પાસાઓ જેવા કે, એક્ટિંગ, ડિરેક્શન, લેખન, મેકઅપ, મ્યુઝિક, ક્રાફ્ટ - સેટ, કોસ્ચ્યુમ, લાઈટ અને પ્રોડક્શન જેવી નાટકની બધી જ કળાઓ, અહીં શીખવાડવામાં આવશે. મઝાની વાત એ છે કે, આ થિયેટર સ્કુલનો વર્કશોપ સંપૂર્ણ રીતે ફ્રી વર્કશોપ રહેશે, પરંતુ એમાં જોડાવવા માટે દરેક વિદ્યાર્થીની પરીક્ષા અને પ્રેક્ટિકલ એક્ઝામ લેવામાં આવે છે અને આ પ્રક્રિયા દ્વારા માત્ર ૩૦ આર્ટીસ્ટનું જ સિલેક્શન કરવામાં આવશે. અહીં શીખવવા માટે, રાજુ બારોટ, કમલ જોષી, હર્ષલ વ્યાસ, પીટર વોલ્ટર, દેવાંગી જોષી, પ્રફુલ ભાવસાર, ચેતન દૈયા, પૌરવી જોષી, ધનલક્ષ્મીબેન, બિલે પટેલ, ભાર્ગવ ત્રિવેદી, મેહુલ પટેલ, પાર્થ રાવલ, સર્ફરાઝ અલી મિર્ઝા, સંજય ગલસર અને બીજા ઘણા બધા કલાકાર કસબીઓ આવે છે. આ બધા કલાકારો પોતાના વિશાળ જ્ઞાન અને અનુભવથી નાટકના અલગ અલગ પાસાઓને ખોલશે. આ થિયેટર સ્કુલનું સંપૂર્ણ સંચાલન, ધ અર્થિંગ ગ્રુપના ફાઉન્ડર પ્રફુલ પંચાલ અને કો-ફાઉન્ડર એવા ચિરાગ પારેખ દ્વારા કરવામાં આવે છે. ખુશીની વાત એ છે કે, રંગ દેવતાનું સ્મરણ કરીને હવે આવનારા વિશ્વ રંગભુમી દિવસે, આ સ્કુલમાં જોડાવવા માટેની પ્રક્રિયા શરુ થશે એમ સંસ્થાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ સ્કુલમાં જોડાવા માટે ફેસબૂક પર ધ અર્થિંગ ગૃપ અથવા ઈમેઈલ theearthinggroup @gmail.comના માધ્યમથી સંસ્થાનો સંપર્ક કરી શકાશે.

શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ ચોથો મણકો ॥

આ સમાચારનું સાધન અથવા મૂળ દૂષિત નથી એની એણે જીવના જોખમે પણ સાવધાની રાખવી જોઈએ. જે સમાચાર એ આપે અથવા ન આપે અથવા જે રીતે સમાચાર આપવામાં આવે તેમાં સત્યના શુભ્ર વદનને ઝાંખપ ન લાગવી જોઈએ. ટીકા કરવાની સ્વતંત્રતા સૌને છે પણ એ સમાચાર પવિત્ર વસ્તુ છે, તેને બદલીને મચડીને કે તેમાં વધઘટ કરીને ભ્રષ્ટ કરવાનો કોઈને અધિકાર નથી. આવાં ક્ષુલ્લક સાધનોથી પ્રચાર કરવો એ ગર્હ્ય વસ્તુ છે. પોતાના પક્ષના લોકોને તેમનો પક્ષ સાંભળવાનો જેટલો અધિકાર છે તેટલો જ અધિકાર વિરોધીઓને પણ છે... નિખાલસ ટીકા કરવી એ સારું છે, પણ ન્યાયબુદ્ધિથી ટીકા કરવી એ બહેતર છે.''

પત્રકારની સાધન-સંપન્નતા, સજ્જતા અંગે ગાંધીજીએ તા. ૨૪-૪-૧૯૧૯ના અંકમાં નોંધાયેલા શબ્દો "'યંગ ઈન્ડિયા'માં વિષયની વિવિધતા નહીં આવે તો તે ઊતરતું નથી દેખાવાનું પણ વિષયોની પસંદગીમાં મૌલિકતા નહીં હોય, હકીકતોની ચોકસાઈ નહીં હોય અને વિવેચનમાં બળ નહીં હોય તો એ જરૂર શુદ્ર લેખાશે. ચોક્કસ મૌલિક અને સામર્થ્યવાળા થવા માટે તમારે ઊંડા અભ્યાસી બનવું પડશે. ત્યારે જ પોતાના વિષે તમારામાં જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ આવશે. વિષયોની સંખ્યા ઉપર ધ્યાન ન આપતા વિષયના ઊંડાણમાં જાઓ. વિષયની આસપાસ ફરી વળો, વિષયનો પાર પામો અને 'યંગ ઈન્ડિયા'નાં પાનાં તમે જીવંત બનાવશો.'' પત્ર-પત્રિકા એ પત્રકારો માટે આદર્શ માર્ગ પ્રશસ્ત કરનાર બની રહે છે.

જાહેખબર : ગાંધીજી જાહેરખબર મેળવવા કરતાં ગ્રાહકો મેળવવા પાછળ મહેનત કરવી વધારે ફળદાયી છે. અખબાર કમાઈને અર્થે નહિ પણ કેવળ કોમની સેવાને અર્થે ચાલતું હોય તો તે સેવા જબરદસ્તીથી નહિ થવી જોઈએ અને કોમની ઈચ્છનો ચોખ્ખો પુરાવો તો એ જ ગણાય કે કોમ ઘટતી સંખ્યામાં ઘરાક થઈ તેનું ખર્ચ ઉપાડી લે.- 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ',પૃષ્ઠ ૧૬૪-૫.

'હરિજન'ની બાબતમાં પણ એમણે એ જ નીતિ અખત્યાર કરેલી અને એક વાર તો ગ્રાહકોનો મત પણ લેવામાં આવેલો અને બહુમતી છાપાં ચાલુ રાખવાના થતાં ચાલુ રાખેલાં.

આજે દુનિયામાં પ્રકાશિત થતાં વર્તમાનપત્રો જાહેર ખબર વિના ચાલતાં નથી. ચાલતાં હશે તો ઘણાં જૂજ હશે. તેમ છતાં જાહેરાતો વિચારસ્વાતંત્ર્યને રોકે છે- સત્ય ઢંકાય છે- એ અનુભવ તો દરેક સંચાલકને થતો જોવા મળે છે, અને તે ઘણીવાર લોકહિતની વિરુદ્ધ જતો હોય છે, એ પણ એટલું જ સાચું છે.

કૉપીરાઈટ : અમર્યાદ કૉપીરાઈટમાં ગાંધીજી માનતા નહોતા. છતાં પણ મર્યાદિત સ્વરૂપમાં એમને કૉપીરાઈટની જરૂર જણાતી હતી. પોતાની આત્મકથાનાં પ્રકરણો તેમજ તેમના તંત્રીપદ હેઠળનાં સામાહિકોમાં આવતા લેખો, બીજાં છાપાંઓને પોતાનાં પ્રકાશનોમાં છાપવાની ગાંધીજીએ છૂટ આપી હતી તે સુવિદિત છે. પોતાનાં લખાણોનો જેટલો પ્રચાર થઈ શકે એટલો તેઓ ઈષ્ટ માનતા હતા.

આથી સ્પષ્ટ હતું કે કૉપીરાઈટમાંથી પૈસા મેળવાની દૃષ્ટિ રખાય તો તેવી કૉપીરાઈટનો ગાંધીજીએ ઈન્કાર કર્યો હતો, તેમજ તેમનાં અનેક લખાણો જુદા જુદા વિષયવાર ગોઠવીને પુસ્તકો છપાય તેમાં પણ તેઓ સંમત હતા. તેમને મન કૉપીરાઈટનું મહત્વ તેમાંથી મળતાં નાણાંમાં નહોતું, પરંતુ પોતાનાં વિચારો અને લખાણો, જાણ્યે કે અજાણ્યે, અવળા સ્વરૂપમાં ન મૂકાય એ જોવાને તેઓ બહુ જ આતુર રહેતા, અને મુખ્યત્વે તે જ કારણે તેમની પરવાનગી સિવાય તેમનાં લખાણો કોઈ પ્રસિદ્ધ ન કરે એમ તેમની ઈચ્છા હતી અને ખાસ કરીને જયાં તેમનાં લખાણો જેવાં ને તેવાં જ ન છપાતાં તેમાંથી સાર કાઢીને છપાતાં ત્યારે તો અર્થ વિપર્યાસ થવાની બહુ જ શકયતા હતી. સાર કાઢનાર કોઈ વખતે મુદ્દાના શબ્દો કે વાકયો ન ઉતારી લે, કોઈ વખતે વાક્યોનો સંદર્ભ ભૂલ ભરેલી રીતે મૂકે અને તેથી ગાંધીજીનો અભિપ્રેત અર્થ એ લખાણોમાંથી ન નીકળે, એટલું જ નહીં પણ કોઈ વખતે અવળો અર્થ નીકળે એવી શકયતા હતી, તેથી એવાં લખાણો પોતાની અગર પોતા તરફથી કોઈ વિશ્વાસપાત્ર સહકારીની નજર તળે નાંખ્યા સિવાય આવાં લખાણો કોઈએ પ્રસિદ્ધ ન કરવાં એવો તેમનો આગ્રહ હતો. (ક્રમશઃ)

- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર

150 ગાંધીયાત્રા